Capital World Pg 5, 22nd March 2022

# ક્રિપ્ટો કરન્સીમાં બેતરફી વધઘટ બિટકોઈન ૪૧ હજારની અંદર

## » ભારતીય ક્રિપ્ટો વાયરનો આઈસી૧૫ ઈન્ડેક્સમાં ૦.૩૯ ટકાનો ઉછાળો

**કેપિટલ સંવાદદાતા તા.૨૧**

વૈશ્વિક સ્તરે ઈક્વિટી માર્કેટમાં નરમાશ રહેવાને પગલે મોટાભાગની ક્રિપ્ટોકરન્સીમાં સાધારણ વધઘટ જોવા મળી હતી. રશિયાએ યુક્રેનનાં શહેરો પર અવિરતપણે આક્રમણ ચાલુ રાખ્યું હોવાથી ભૂરાજકીય તંગદિલી વધી ગઈ છે. બિટકોઈનમાં નોંધનીય વૃદ્ધિ થયા બાદ સોમવારે તેનો ભાવ ૪૧,૦૦૦ ડૉલરની નીચે ચાલ્યો ગયો હતો.

અહેવાલો પરથી જાણવા મળે છે કે મૃત સમુદ્રનું વ્યૂહાત્મક દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ બંદર ધરાવતું શહેર મરિઉપોલ હવે રશિયાના આક્રમણનો વધુ માર સહન કરી શકવાની સ્થિતિમાં નથી અને ટૂંક સમયમાં રશિયાના કબજા હેઠળ આવી જવાની આશંકા છે.

ઈંધણના ભાવ વધવાને પગલે અમેરિકામાં ફુગાવો વધવાની શક્યતા જોતાં રોકાણકારોને લાગે છે કે અમેરિકન અર્થતંત્રની ગાડીને પાટે ચડાવવાનું ફેડરલ રિઝર્વ માટે કપરું રહેશે.

બીજી બાજુ, ભારતમાં ક્રિપ્ટોકરન્સીના વ્યાખ્યાને વધુ ચુસ્ત બનાવીને વધુ કરવેરો લાદવાની દિશામાં હિલચાલ શરૂ થઈ છે. માઈનિંગનો ખર્ચ પણ કેપિટલ ગેઈનની સામે મજરે નહીં લઈ શકાય એવી જાહેરાત સંસદમાં કરવામાં આવી હોવાથી રોકાણકારોનું માનસ બગડ્યું છે.

બિટકોઈન ચોવીસ કલાકના ગાળામાં ઘટીને ૪૧,૨૦૦ ડૉલરની નજીક તથા ઈથેરિયમ ૨,૮૦૦ ડૉલરની નજીક ચાલી રહ્યા છે.

દરમિયાન, ક્રીપ્ટોવાયરે લોન્ચ કરેલો વિશ્વનો સર્વપ્રથમ ક્રીપ્ટો ઈન્ડેક્સ - આઈસી૧૫ સોમવારે સાંજે આઠ વાગ્યે પૂરા થયેલા ચોવીસ કલાકમાં ૦.૩૯ ટકા (૨૪૦ પોઈન્ટ) ઘટીને ૫૯૮૦૪ પોઈન્ટ બંધ રહ્યો હતો.